# આકાશવાણી -ભુજ

## ૧૩-૦૭-૨૦૨૩ શનિવાર સમય: સાંજે : ૬:૨૫

**<u>સુમરાસર શેખ ની દૂધ મંડળી જીલ્લામાં પ્રથમ ક્રમાંકે</u>**

ભુજ તાલુકાના સુમરાસર શેખ ની દૂધ મંડળી સૌથી વધુ દૂધ ઉત્પાદન કરી જીલ્લા માં સતત પાંચમાં વર્ષે પ્રથમ ક્રમાંકે રહી હતી. સમ્રગ જીલ્લા માં સરહદ ડેરીમાં દૂધ ભરાવતી નવસો દૂધ મંડળીઓમાં પ્રથમ ક્રમાંકે આવનાર આ મંડળીને વર્ષ ૨૦૨૩ - ૨૦૨૪ નું સન્માન કચ્છ મોરબી ના સાંસદ વિનોદ ચાવડા સહિતના અગ્રીણીઓ દ્વારા કરાયું હતું.આ પ્રસગે તાલુકના સુમરાસરશેખ,ઢોરી,કુનરિયા લોરીયા ગામના ૨૫૧ જેટલા બોરવેલ અને કુવા રિચાર્જ કાર્યક્રમ નું આયોજન કરાયું હતું.આ ઉપરાંત સ્થાનિકની પ્રાથમિક શાળોમાં પ્રથમ ધોરણ માં પ્રવેશ મેળવવી રહેલા ૧૨૮ જેટલા વિધાર્થીઓ ને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી.

NP /કલ્પના શાહ

---

**<u>પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી</u>**

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજના હેઠળ બેંક ખાતાને આધારકાર્ડ નંબર સાથે લિંક કરાવવું ફરજીયાત છે. ગુજરાતના જે ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ૧૮માં હપ્તાનો લાભ મેળવવાનો બાકી હોય તેવા લાભાર્થીઓએ આગામી ૩૦ જુલાઈ સુધીમાં બેંક ખાતા સાથે આધારકાર્ડ લીંક કરાવવું ફરજીયાત છે. જે ખેડૂત લાભાર્થીઓએ બેંક ખાતામાં આધારકાર્ડ લિંક કરાવ્યુ નહી હોય તેમનો ૧૮મો હપ્તો જમા થશે નહીં તેમ ખેતી નિયામકની યાદીમાં જણાવાયું છે.

ખેડૂત લાભાર્થીઓએ બેંક ખાતામાં ડાયરેક્ટ બેનેફીટ ટ્રાન્સફર એટલે ડીબીટી એનેબલ કરવા માટેનું ફોર્મ ભરી, ત્યારબાદ બાંહેધરી આપી ડીબીટી એનેબલ ફરજીયાત કરવાનું રહેશે. આ પ્રક્રિયા સિવાય લાભાર્થી ગામની અથવા નજીકની પોસ્ટ ઓફીસ ખાતે આધાર કાર્ડ સાથે ઉપસ્થિત રહી ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ બેંકમાં આધાર સીડીંગ-ડીબીટી એનેબલ સાથેનું નવું ખાતુ ખોલાવશે, તો પણ તેમનો ૧૮મો હપ્તો જમા થઈ જશે.

RNU
AHMDABAD

---

## સશસ્ત્ર દળોના હથિયારોનું પ્રદર્શન

જીલ્લા મથક ભુજ ખાતેના સ્મૃતિવન ખાતે સશસ્ત્ર દળોના હથિયારોનું પ્રદર્શન નું આયોજન કરાયું છે. સશસ્ત્ર દળોની શકિતનો અનુભવ કરો એ સૂત્ર અંતર્ગત બે દિવસીય પ્રદર્શન નું આજ થી પ્રારંભ થયો છે.જેનો હેતુ જાહેર જનતા ને સશસ્ત્ર દળો ની કામગીરી,શૌર્ય,સાહસ અને બલિદાન થી વાકેફ થાય અને પ્રેરણા લઇ શકે તે છે આ પ્રદર્શન નો લાભ લેવા શહેર ની શાળા કોલેજો સ્વૈચ્છિક સંસ્થોઓને જણાવ્યું છે.

NP /કલ્પના શાહ

---

## પશુપાલન વિભાગ ની વિવિધ યોજનાઓનો

પશુપાલન એ જીલ્લાનો ખેતી બાદ સૌથી વધુ રોજગાર આપતો વ્યસાય છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા અપાતી વિવિધ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કરાયો છેપશુપાલન વિભગ દ્વારા I ખેડૂત પોર્ટલ પર વિવિધ યોજનાઓ અંતર્ગત અરજીઓ લેવામાં આવી રહી છે ત્યારે જિલ્લાના પશુપાલકો આગામી ૧૫ મી જુલાઈ સુધી અરજી અપલોડ કરી સહાય મેળવી શકશે તેમ જણાવ્યું છે.

NP/કલ્પના શાહ

---

## જાહેરનામું

કચ્છ જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવાસદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઇ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર જિલ્લા/મધ્યસ્થ/તાલુકા સેવાસદનના પરિસરની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા પર જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ દ્વારા મનાઈ ફરમાવવા આવી છે બહાર પાડવામાં આવેલા આ જાહેરનામાનો અમલ આગામી તા.૨૭મી જુલાઈ સુધીની મુદ્દત માટેનો રહેશે.

RNU AHMDABAD

---

## રેલ્વે દ્વારા ના બે-બે કોચ વધારો

પ્રવાસી જનતાની સુવિધાને ધ્યાને લઈ રેલ્વે વિભગ દ્વારા ૪૬ લાંબા અંતર ની ટ્રેનોમાં સામાન્ય શ્રેણી માં ૯૨ વધારાના કોચ જોડવામાં આવ્યા છે.જે અંતર્ગત કચ્છ ને મુંબઈ સાથે જોડતી બે ટ્રેનો કચ્છ એક્સપ્રેસ અને સયાજીનગરી ટ્રેન માં સામાન્ય શ્રેણી ના બે-બે કોચ જોડવામાં આવ્યા છે.જેને પગલે પ્રવાસીઓની સુવિધા માં વધારો થયો છે

NP/કલ્પના શાહ

---

**વર્ષાઋતુમાં આરોગ્ય અંગે કાળજી**

વર્ષાઋતુમાં મલેરિયા, ટાઈફોઈડ, ચિકનગુનિયાનો ઉપદ્રવ વધે છે. દૂષિત પાણી અને બજારૂ ખાનપાનથી પેટનું સંક્રમણ પણ થાય છે. આ ઉપરાંત આંખ લાલ આવી જવી જેવી અસર શરીરમાં વર્તાતી હોવાથી સ્વાસ્થ્ય પરત્વે સજાગતા જરૂરી છે. અદાણી મેડિકલ કોલેજના કોમ્યુનીટિ મેડિસિન વિભાગના દ્વારા જણાવ્યા મુજબ માનવીના શરીરમાં રોગ પ્રતિરોધક ક્ષમતા હોય તો જલ્દી સાજા થઈ જવાય, યોગ્ય ખાણી-પાણી, કસરત સાથે યોગ ને અપનાવય તો પ્રતિરોધક શકિત વધે છે.આ ઋતુમાં વડીલો અને બાળકોને સંક્રમણનું જોખમ વધુ રહે છે.જેથી મચ્છરથી સતર્ક રહેવા,ઘરની આસપાસ પાણી જમા ન થાય તે જોવું ઘરમાં ઈન્ડોર પ્લાન્ટ હોય તો તડકામાં રાખવા.લાંબી બાયના કપડા પહેરવા. ઉપરાંત ચોમાસામાં ઝાળા ઉલ્ટી ન થાય માટે તકેદારી રાખવી આ મોસમમાં પાચનશક્તિ મંદ હોવાને કારણે લારી કે બહારના ખોરાક ઉપર સ્વ પ્રતિબંધ મૂકવો જરૂરી છે.દૂષિત પાણી પણ આ રોગ માટે જવાબદાર બની શકે.

NP/કલ્પના શાહ

---

**ક્રિકેટ**

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ચોથી T-20 ક્રિકેટ મેચ આજે હરારેમાં રમાશે. પાંચ મેચની શ્રેણીમાં ભારત 2-1થી આગળ છે.

શુભમન ગીલના નેતૃત્વમાં પ્રથમ મેચમાં ભારતને ઝિમ્બાબ્વે સામે 13 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ ભારતે બે મેચ જીતીને શ્રેણીમાં 2-1ની સરસાઈ મેળવી લીધી હતી. બીજી મેચમાં ભારતે યજમાન ટીમને 100 રનથી અને ત્રીજી મેચમાં 23 રને પરાજય આપ્યો હતો.

શ્રેણીની પાંચમી અને અંતિમ મેચ આવતીકાલે હરારેમાં રમાશે.

RNU AHMDABAD

---